## આજે પીએમ મોદી ફ્રાન્સ પ્રમુખ મેક્રોન સાથે મુલાકાત કરશે

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે મુંબઈમાં ફ્રાન્સ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરશે. આ બેઠક દરમિયાન બંને નેતાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. સત્તાવાર નિવેદન અનુસાર, આ ચર્ચાઓનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાનો અને તેને નવા ઉભરતા ક્ષેત્રોમાં વિસ્તરણ કરવાનો રહેશે. આ ઉપરાંત, બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

## બિલ ગેટ્સને આંધ્રપ્રદેશમાં મળેલા ઉષ્માભર્યા સ્વાગતની લોકોએ ટીકા કરી

અમરાવતી(આંધ્રપ્રદેશ), તા. ૧૬: માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક અને ગેટ્સ ફાઉન્ડેશનના ચેરમેન બિલ ગેટ્સનું સોમવારે આંધ્રપ્રદેશ સરકાર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જોકે, આ મુલાકાત ટીકાઓનો ભોગ પણ બની છે, કારણ કે 'એપ્સ્ટીન ફાઈલ્સ' માં તેમના સંપર્કને કારણે ગેટ્સ પર ગેરરીતિના આક્ષેપો થયા છે. ગેટ્સે એપ્સ્ટીન ફાઈલ્સ સાથે જોડાયેલા આરોપોને તદ્દન વાહિયાત અને સંપૂર્ણપણે ખોટા ગણાવીને નકારી કાઢ્યા છે. ગન્નાવરમ એરપોર્ટ પર નારા લોકેશ અને અન્ય કેબિનેટ સાથીદારોએ ગેટ્સનું સ્વાગત કર્યું હતું.

## વેપાર કરારના કાનૂની મુસદ્દાની ચર્ચા માટે ભારતીય ટીમ અમેરિકા જશે

નવી દિલ્હી, 16 ફેબ્રુઆરી (PTI): વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે સોમવારે જણાવ્યું હતું કે, વચગાળાના વેપાર કરાર માટેના કાયદાકીય લખાણને આખરી ઓપ આપવા માટે ભારતીય અધિકારીઓની એક ટીમ આવતા અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે, જેના પર માર્ચમાં સહી થવાની શક્યતા છે. આ મુલાકાત 23 ફેબ્રુઆરીથી શરૂ થવાની સંભાવના છે. આ મહિનાની શરૂઆતમાં, ભારત અને અમેરિકાએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને જાહેરાત કરી હતી કે વચગાળાના વેપાર કરાર માટેનું માળખું તૈયાર કરી લેવામાં આવ્યું છે.

## બંગાળ SIR ગેરરીતિ: ચૂંટણી પંચે સાત અધિકારીને સસ્પેન્ડ કર્યા

નવી દિલ્હી, 16 ફેબ્રુઆરી (PTI): ચૂંટણી કાયદા હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં આસિસ્ટન્ટ ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર્સ (AEROs) તરીકે તૈનાત સાત અધિકારીઓને ગંભીર ગેરવર્તણૂક, ફરજમાં બેદરકારી અને રાજ્યમાં ચાલી રહેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાના સંબંધમાં વૈધાનિક સત્તાઓના દુરુપયોગ બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા આ અધિકારીઓ રાજ્ય સરકારના કર્મચારીઓ હતા જેઓ મતદાર યાદી અપડેટ કરવા અને ચૂંટણી યોજવામાં મદદ કરવા માટે ચૂંટણી પંચમાં ડેપ્યુટેશન પર કામ કરી રહ્યા હતા. આદેશોને ટાંકીને ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પંચે રાજ્યના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીને નિર્દેશ આપ્યો છે કે આ અધિકારીઓ વિરુદ્ધ તેમના સંબંધિત કેડર કંટ્રોલિંગ ઓથોરિટી દ્વારા કોઈપણ વિલંબ કર્યા વિના તાત્કાલિક શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવે અને આ અંગે પંચને જાણ કરવામાં આવે.

## ન્યૂઝક્લિક અને તેના એડિટરને 184 કરોડનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ સોમવારે ન્યૂઝ પોર્ટલ 'ન્યૂઝક્લિક' અને તેના સ્થાપક તથા એડિટર-ઇન-ચીફ પ્રબીર પુરકાયસ્થ પર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ રૂ. 184 કરોડનો મોટો દંડ ફટકાર્યો છે. આ તપાસ એવા આક્ષેપો વચ્ચે થઈ છે કે પોર્ટલ તેના સમાચારો દ્વારા 'ચીન તરફી પ્રોપેગાન્ડા' ફેલાવી રહ્યું હતું.

ઈડીના નિવેદન મુજબ, ન્યૂઝક્લિકની માલિકી ધરાવતી કંપની 'પીપીકે ન્યૂઝક્લિક સ્ટુડિયો પ્રાઈવેટ લિમિટેડ' પર રૂ. 120 કરોડ અને પ્રબીર પુરકાયસ્થ પર રૂ. 64 કરોડનો દંડ લાદવામાં આવ્યો છે. ફેમાના નિર્ણય લેતી સત્તાધિકારીએ નોંધ્યું હતું કે વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) અને વિદેશી નાણાં મેળવવાની પ્રક્રિયામાં થયેલું ઉલ્લંઘન ગંભીર, જાણી જોઈને કરવામાં આવેલું અને વ્યવસ્થિત હતું.

# ઓપરેશન સિંદૂર પહેલા પાકિસ્તાને અમેરિકામાં લોબિંગ માટે પાણીની જેમ પૈસા વહાવ્યા

**હવે** પાકિસ્તાને અનેક કંપનીઓ સાથે છેડો ફાડ્યો, લોબિંગ ખર્ચ ઘટાડીને 175000 ડોલર કર્યો

નવી દિલ્હી, તા. 16: પાકિસ્તાને અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્રના ઉચ્ચ સ્તરો સુધી પહોંચ મેળવવા માટે વર્ષ 2025માં રેકોર્ડબ્રેક ખર્ચ કર્યા બાદ હવે અનેક અગ્રણી લોબીંગ ફર્મ્સ (લોબીંગ કરતી કંપનીઓ) સાથેના સંબંધો તોડી નાખ્યા છે. એક અહેવાલ મુજબ, એપ્રિલ 2025માં પહલગામ આતંકવાદી હુમલો અને ત્યારબાદ મે મહિનામાં ભારતના સૈન્ય જવાબ 'ઓપરેશન સિંદૂર' પહેલા પાકિસ્તાનનો લોબિંગ ખર્ચ દર મહિને 6,00,000 ડોલર (આશરે 5 કરોડ) સુધી પહોંચી ગયો હતો, જે દાયકાઓમાં સૌથી વધુ હતો.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસમાં ફાઈલ કરાયેલા દસ્તાવેજો મુજબ, પાકિસ્તાને જેવેલિન એડવાઈઝર્સ, સેઇડન લો, ઓર્કિડ એડવાઈઝર્સ, સ્ક્વાયર પેટન બોગ્સ અને કોન્સાયન્સ પોઈન્ટ કન્સલ્ટિંગ જેવી પાંચ મોટી ફર્મ્સ સાથેના કરાર ખતમ કર્યા છે. આ કંપનીઓ અમેરિકી વ્હાઈટ હાઉસ, કોંગ્રેસ અને સ્ટેટ ડિપાર્ટમેન્ટમાં પાકિસ્તાનનો પક્ષ રજૂ કરવા અને જાહેર અભિપ્રાય ઘડવા માટે કામ કરતી હતી. નોંધનીય છે કે આમાંની ઘણી ફર્મ્સ ડોનાલ્ડ ટ્રમ્પ અથવા તેમના રાજકીય નેટવર્ક સાથે ગાઢ સંબંધો ધરાવતી હતી, જેમાં ટ્રમ્પના ભૂતપૂર્વ અંગરક્ષક કીથ શિલરની કંપનીનો પણ સમાવેશ થાય છે.

હાલમાં પાકિસ્તાને તેનો લોબિંગ ખર્ચ ઘટાડીને દર મહિને આશરે 1,75,000 ડોલર કરી દીધો છે, જે ભારત દ્વારા ખર્ચવામાં આવતા 2,00,000 ડોલર કરતા પણ ઓછો છે. નિષ્ણાતોના મતે, પાકિસ્તાને ટ્રમ્પ વહીવટીતંત્રમાં જરૂરી પહોંચ મેળવી લીધી હોવાના આત્મવિશ્વાસને કારણે આ કાપ મૂક્યો હોઈ શકે છે. જોકે, ભૂતપૂર્વ રાજદ્વારીઓનું માનવું છે કે આવા ખર્ચથી ટૂંકા ગાળાના ફાયદા થઈ શકે છે, પરંતુ વ્યૂહાત્મક રીતે ભારત હજુ પણ અમેરિકાનું પસંદગીનું ભાગીદાર છે.

# હિમપ્રપાતને કારણે સ્વિસ ટ્રેન પાટા પરથી ઉતરી, અનેક ઘાયલ

**જો કે** કોઇને ગંભીર ઇજાના અહેવાલ નહીં, પ્રભાવિત લાઇનો પર ટ્રેનો અટકી ગઇ

ઝુરીચ, તા. ૧૬: આજે વહેલી સવારે કેન્ટન ઓફ વેલેસમાં ગોપેનસ્ટેઈન પાસે હિમપ્રપાતને કારણે BLS ટ્રેન પાટા પરથી ઉતરી જતાં અંદાજે 30 મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી એક વ્યક્તિને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે, જ્યારે અન્ય ચાર લોકોને ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ટ્રેનનો ડ્રાઈવર પણ ઈજાગ્રસ્તોમાં સામેલ છે. પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે ટ્રેનમાં સવાર અન્ય તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે. આ ટ્રેન સવારે 6:12 વાગ્યે સ્પિએઝથી રવાના થઈ હતી અને બ્રિગ તરફ જઈ રહી હતી, ત્યારે સવારે 7:00 વાગ્યાની આસપાસ આ દુર્ઘટના ઘટી હતી.



# રાજસ્થાનમાં ગેરકાયદે ફટાકડા ફેકટરીમાં આગથી સાતનાં મોત

**ગારમેન્ટ** ફેક્ટરીના નામે ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવાનો ધંધો ચાલતો હતો

**વડાપ્રધાન** અને ઉપરાષ્ટ્રપતિએ દુ:ખ વ્યક્ત કર્યું



જયપુર, ફેબ્રુઆરી 16 (PTI): રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લાના ભીવાડી શહેરમાં સોમવારે એક ગેરકાયદેસર ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં સાત લોકો જીવતા સળગી ગયા હતા અને બે ગંભીર રીતે ઘાયલ થયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના ભીવાડીના ખુશખેડા-કારોલી ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં બની હતી. એડિશનલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ સુમિત્રા પરીકે જણાવ્યું કે, આ ઘટનામાં સાત વ્યક્તિઓના મોત થયા છે. તે ગાર્મેન્ટ ફેક્ટરી હતી પરંતુ તેની અંદર ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું કે ફેક્ટરીમાં ફસાયેલા બે લોકોને બચાવી લેવાયા હતા, જેમને ગંભીર હાલતમાં દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અગાઉ, અધિકારીઓએ જણાવ્યું હતું કે કેમિકલ ફેક્ટરીમાં આગ લાગી હતી. તેમણે કહ્યું કે, પરિસરને ગાર્મેન્ટ ફેક્ટરીના નામે ભાડે આપવામાં આવ્યું હતું પરંતુ પ્રાથમિક અહેવાલ મુજબ, ત્યાં ગેરકાયદેસર રીતે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા.

તેમણે જણાવ્યું કે પોલીસ જ્યારે રૂટિન પેટ્રોલિંગ પર હતી ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી, જે બાદ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જિલ્લા વહીવટીતંત્રને તાત્કાલિક રાહત અને બચાવ કાર્ય કરવા સૂચના આપી હતી.

# મસ્કનું એક્સ (ટ્વિટર) ડાઉન: હજારો યુઝરોને મુશ્કેલી

**આઉટેજનું** કારણ હજી અસ્પષ્ટ, પણ ક્લાઉડફ્લેરની સમસ્યાને કારણે હોવાનું પ્રાથમિક અનુમાન

**બે** મહિના પહેલા પણ X બે વાર ક્રેશ થયું હતું

લંડન, તા. ૧૬: X (અગાઉનું ટ્વિટર) આજે બપોરે હજારો યુઝર્સ માટે ક્રેશ થઈ ગયું છે. ડાઉન ડિટેક્ટરના જણાવ્યા અનુસાર, ઈલોન મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સમસ્યાઓ બપોરે લગભગ 13:30 GMTના સુમારે શરૂ થઈ હતી અને તે વિશ્વભરના યુઝર્સને અસર કરી રહી છે.

અત્યાર સુધીમાં, યુકેમાં 10,000થી વધુ અને અમેરિકામાં 42,000થી વધુ સમસ્યાઓ નોંધાઈ છે. આ આઉટેજનું કારણ હજુ અસ્પષ્ટ છે, પરંતુ 57 ટકા જેટલા રિપોર્ટ્સ X એપ વિશે છે. તે જ સમયે, 20 ટકા સમસ્યાઓ ફીડ અથવા ટાઈમલાઈનને લગતી છે, જ્યારે 17 ટકા યુઝર્સ કહે છે કે તેઓ વેબસાઈટનો ઉપયોગ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ડેઈલી મેઈલે iOS એપ પર X એક્સેસ કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યાં પોસ્ટ અત્યારે લોડ થઈ રહી નથી એવો મેસેજ દેખાયો હતો. X વેબસાઈટ પર પણ ટ્વીટ્સ લોડ થઈ રહી નથી અને ત્યાં 'Something went wrong. Try reloading' તેવો મેસેજ જોવા મળી રહ્યો છે. જો કે આઉટેજનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ ભૂતકાળના કિસ્સાઓના આધારે એવું બની શકે છે કે આ ક્લાઉડફ્લેર (Cloudflare)ના શેડ્યૂલ મેઈન્ટેનન્સ સાથે જોડાયેલું હોય, કારણ કે X આ જ નેટવર્ક પર ચાલે છે.

# મહિલાઓના ધાર્મિક અધિકારો પર સુપ્રીમમાં 7 એપ્રિલથી સુનાવણી

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે સોમવારે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું છે કે, કેરળના સબરીમાલા મંદિર સહિત વિવિધ ધાર્મિક સ્થળોએ મહિલાઓ સામે થતા ભેદભાવ અને ધાર્મિક સ્વતંત્રતાના વ્યાપ અંગેની અરજીઓ પર 7 એપ્રિલથી નવ જજોની બેંચ અંતિમ સુનાવણી શરૂ કરશે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલે સુનાવણીનું સંપૂર્ણ સમયપત્રક જાહેર કર્યું છે, જે મુજબ 22 એપ્રિલ સુધીમાં સુનાવણી પૂર્ણ કરવામાં આવશે.

આ વિવાદની શરૂઆત સપ્ટેમ્બર 2018માં થઈ હતી, જ્યારે પાંચ જજોની બેંચે 10થી 50 વર્ષની વયની મહિલાઓના સબરીમાલા મંદિરમાં પ્રવેશ પરનો પ્રતિબંધ હટાવી દીધો હતો. ત્યારબાદ નવેમ્બર 2019માં તત્કાલીન સીજેઆઈ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેંચે આ મુદ્દાને વધુ મોટી બેંચ પાસે મોકલ્યો હતો. કોરોના મહામારી અને અન્ય કારણોસર છેલ્લા પાંચ વર્ષથી આ મામલો પેન્ડિંગ હતો. હવે નવ જજોની બેંચ માત્ર સબરીમાલા જ નહીં, પરંતુ મસ્જિદો અને દરગાહમાં મુસ્લિમ મહિલાઓના પ્રવેશ તેમજ પારસી મહિલાઓના ધાર્મિક અધિકારો સાથે જોડાયેલા સવાલો પર પણ વિચાર કરશે.

# ગુજરાતની ૩૪ શાળા અને યુપી, કર્ણાટકની અદાલતોને બોમ્બની ધમકી

**અમદાવાદ,** વડોદરાની કુલ ૩૪ શાળાઓને ઇ-મેઇલથી ધમકી મળી, ઇ-મેઇલ કરનારાઓએ પોતાને ખાલિસ્તાન સમર્થક ગણાવ્યા

ગાંધીનગર, લખનૌ, બેંગલુરુ, તા. ૧૬: આજે ગુજરાતની ૩૪ શાળાઓ અને ઉત્તરપ્રદેશ તથા કર્ણાટકની ૫-૫ અદાલતોને તથા ઉત્તરાખંડની એક કોર્ટને બોમ્બની ધમકી મળી હતી પરંતુ આ તમામ ધમકીઓ પોકળ સાબિત થઇ હતી પરંતુ તેને કારણે ખાસ્સી પરેશાનીઓ સર્જાઇ હતી.

ગુજરાતના અમદાવાદ અને વડોદરાની ૩૪ જેટલી શાળાઓને સોમવારે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેલ મળ્યા હતા, જેના પગલે પોલીસ દ્વારા શાળાઓ ખાલી કરાવવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ઈમેલ ખોટા સાબિત થયા હતા, કારણ કે અમદાવાદ અને વડોદરાની જે ૧૭-૧૭ શાળાઓને ઈમેલ મળ્યા હતા તેમાંથી ક્યાંય પણ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આ ધમકીભર્યા ઈમેલ મોકલનારાઓએ પોતે ખાલિસ્તાનના સમર્થક હોવાનો દાવો કર્યો હતો.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસને આ બાબતે જાણ કરવામાં આવતાની સાથે જ બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ કશું મળ્યું ન હતું.

ઉત્તર પ્રદેશની લખનૌ સહિત પાંચ જિલ્લા અદાલતોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

## હરિયાણાના એક ગામમાં લિવરની બીમારીથી સાતના મોત બાદ સ્થાનિકોમાં ફફડાટ

ચંદીગઢ, તા. 16 (PTI): હરિયાણાના પલવલ જિલ્લાના એક ગામમાં લિવર સંબંધિત બીમારીઓના કારણે વધુ લોકોના મોત થયા હોવાનો સ્થાનિકોએ સોમવારે દાવો કર્યો હતો. જોકે, સત્તાવાળાઓએ છેલ્લા પખવાડિયામાં મૃત્યુઆંક સાત હોવાનું જણાવ્યું છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, હથિન સબ-ડિવિઝનના છાઈંસા ગામમાં છેલ્લાં બે અઠવાડિયાંમાં સાત લોકોનાં મોત થયાં છે, જેમાંથી ચારનાં મોત હેપેટાઈટીસ-બીને કારણે થયાં છે. આરોગ્ય વિભાગે મોતનાં કારણો જાણવા માટે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં મોત પાછળનું કારણ વાયરલ હેપેટાઈટીસ અને સંભવિત દૂષિત પાણી હોવાનું જણાય છે, પરંતુ લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ જ તેની સત્તાવાર પુષ્ટિ થશે.

# પહેલગામ હુમલાના પીડિતની પુત્રીને આખરે 10 મહિને સરકારી નોકરી મળી

**પિડિતની** પુત્રીએ પરિવારની આર્થિક મુશ્કેલીઓની પીડા વ્યક્ત કર્યા પછી એકનાથ શિંદેએ હસ્તક્ષેપ કર્યો

**નગર** વિકાસ મંત્રી શિંદેએ પૂણે મનપાને અસાવરીને સરકારી સેવામાં સામેલ કરવા નિર્દેશ આપ્યો

પુણે/મુંબઈ, તા. 16 (PTI): પહલગામ આતંકી હુમલામાં પિતા ગુમાવ્યાના દસ મહિના પછી અને આશ્વાસન આપ્યા મુજબની સરકારી નોકરી ન મળવા બદલ પોતાની નિરાશા વ્યક્ત કર્યાના ગણતરીના કલાકોમાં જ, અસાવરી જગતાપ હવે રાજ્ય સેવામાં જોડાવા માટે તૈયાર હોય તેવું લાગે છે. ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ સોમવારે આ બાબતે હસ્તક્ષેપ કર્યો હતો.

અસાવરીએ મીડિયામાં પોતાની ચિંતા વ્યક્ત કર્યા બાદ, નગર વિકાસ મંત્રી શિંદેએ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નવલકિશોર રામને તેને સરકારી સેવામાં સામેલ કરવાનો નિર્દેશ આપ્યો હતો, તેમ તેમના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. આતંકી હુમલા બાદ શિંદેએ જગતાપ પરિવારને ખાતરી આપી હતી કે અસાવરીને સરકારી સેવામાં લેવામાં આવશે.

અસાવરીના પિતા, સંતોષ જગતાપ, ગયા વર્ષે ૨૨ એપ્રિલે પહલગામના બૈસરન મેદાનોમાં આતંકવાદીઓએ કરેલા અંધાધૂંધ ગોળીબારમાં જીવ ગુમાવનારા ૨૬ ભોગ બનનાર વ્યક્તિઓમાંથી એક હતા. આ હત્યાકાંડ બાદ, રાજ્ય સરકારે મહારાષ્ટ્રના છ પીડિતોના પરિવારોને ૫૦ લાખ રૂપિયાની આર્થિક સહાય અને તેમના નજીકના સંબંધીઓને સરકારી નોકરીની જાહેરાત કરી હતી. અસાવરીએ મીડિયાકર્મીઓને જણાવ્યું હતું કે, "મને સરકારી નોકરી આપવામાં આવશે તેવું વચન અપાયાને ૧૦ મહિના વીતી ગયા છે, પરંતુ કમનસીબે આ બાબતે હજુ સુધી કોઈ પ્રગતિ થઈ નથી". તેણીએ વધુમાં ઉમેર્યું હતું કે રાજ્યસભાના સભ્ય મેધા કુલકર્ણીએ કેન્દ્રીય મંત્રી અમિત શાહને પત્ર લખીને રાજ્ય સરકારના આશ્વાસનો વિશે જાણ કરી છે.

## દિલ્હીમાં પારિવારિક વિવાદમાં મહિલાના વેશમાં બનેવીએ સાળીનું ગળું કાપી નાખ્યું

નવી દિલ્હી, તા. 16 (PTI): દિલ્હીના રોહિણી વિસ્તારમાં સોમવારે એક 27 વર્ષીય ફિઝિયોથેરાપિસ્ટ પર તેના જ બનેવી દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીએ ચાલુ પારિવારિક વિવાદનો બદલો લેવા માટે મહિલાનાં કપડાં પહેરી વેશપલટો કરીને તેનું ગળું કાપી નાખ્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીની ઓળખ જય પ્રકાશ યાદવ તરીકે થઈ છે, જે નજફગઢનો રહેવાસી છે અને એક કોચિંગ સેન્ટરમાં શિક્ષક તરીકે કામ કરે છે. તેની ધરપકડ કરવામાં આવી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે યાદવનો તેની પત્ની અને સાસરી પક્ષ સાથે એપ્રિલ 2025થી વિવાદ ચાલી રહ્યો હતો.

## પેજ 3

## હાર્વર્ડમાં પ્રિયંકા ચોપડા અને શશી થરૂર મળ્યા



મુંબઈ, તા. 16: કોંગ્રેસના સાંસદ શશી થરૂર અને અભિનેત્રી પ્રિયંકા ચોપડા તાજેતરમાં વાર્ષિક 'હાર્વર્ડ ઇન્ડિયા કોન્ફરન્સ'માં મુખ્ય વક્તા તરીકે એક મંચ પર જોવા મળ્યા હતા. લગભગ એક દાયકા પછી થયેલી આ મુલાકાતની તસવીરો થરૂરે સોશિયલ મીડિયા પર શેર કરી પ્રિયંકાની વૈશ્વિક સિદ્ધિઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. થરૂરે કહ્યું હતું કે, પ્રિયંકા એવા મંચ પર ભારતનું નામ રોશન કર્યું છે જ્યાં ભારતીયોને બહુ ઓછી તક મળે છે. તેમણે પ્રિયંકાના આત્મવિશ્વાસ, સુંદરતા અને તેની વિચારશીલ વાતો પર ગર્વ વ્યક્ત કર્યો હતો. બીજી તરફ, પ્રિયંકાએ પણ વળતો પ્રતિસાદ આપતા લખ્યું કે, તે હંમેશાથી શશી થરૂરની વક્તૃત્વ કળા અને તેમની હાજરજવાબીની ચાહક રહી છે. હાર્વર્ડના બેકસ્ટેજમાં થયેલી આ મુલાકાતે સોશિયલ મીડિયા પર લોકોનું ધ્યાન ખેંચ્યું છે, જેમાં બંને દિગ્ગજો એકબીજા પ્રત્યે આદર વ્યક્ત કરતા જોવા મળે છે.

## મુંબઈથી રવાના થતી વખતે એરપોર્ટ પર વિરાટ અને અનુષ્કાનો વ્હાઇટ લૂક



મુંબઈ, તા. 16: ક્રિકેટર વિરાટ કોહલી અને બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા સોમવારે સવારે મુંબઈ એરપોર્ટ પર સાથે જોવા મળ્યાં હતાં. એરપોર્ટના ગેટ તરફ જતી વખતે તેઓ ફોટોગ્રાફર્સના કેમેરામાં કેદ થયા હતા. એરપોર્ટ પર અનુષ્કા શર્મા ઓફ-વ્હાઇટ સૂટમાં જોવા મળી હતી, જેમાં કુર્તા પર ફ્લોરલ બ્લોક-પ્રિન્ટ મોટિફ હતી. તેણે ગળામાં તુલસીની માળા અને કપાળ પર બિંદી લગાવીને પોતાનો લૂક પૂર્ણ કર્યો હતો. જ્યારે વિરાટ કોહલીએ ક્રીમ શર્ટ અને બ્રાઉન ટ્રાઉઝર પહેર્યા હતા. તાજેતરમાં જ ક્રિકેટરનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ કામચલાઉ ધોરણે ગાયબ થઈ ગયા બાદ વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા ચર્ચામાં આવ્યા હતા. ચાહકોએ તરત જ ગભરાટ વ્યક્ત કર્યો હતો.

## રોહિત શેટ્ટી ફાયરિંગ કેસમાં રાજસ્થાન-હરિણાયાથી શૂટર સહિત છની ધરપકડ, 25મી સુધી રિમાન્ડ પર



મુંબઈ, તા. 16 (PTI): મુંબઇ પોલીસે રવિવારે જુહુમાં ફિલ્મ-નિર્માતા રોહિત શેટ્ટીના ઘર પર પાંચ રાઉન્ડ ફાયરિંગ કરનાર કથિત શૂટર સહિત છ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તેમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. પોલીસે તેમને કોર્ટમાં રજૂ કરતાં તમામ આરોપીના 25મી સુધી રિમાન્ડ મંજૂર કરાયા હતા. શહેર પોલીસના એન્ટી એક્સટોર્શન સેલે (ખંડણી વિરોધી વિભાગ) રવિવારે રાત્રે હરિયાણા અને રાજસ્થાનમાંથી કથિત શૂટર દીપક શર્મા અને આ કેસમાં સંડોવાયેલા અન્ય પાંચ લોકોની અટકાયત કરી હતી અને આરોપીઓને શહેરમાં લાવવામાં આવ્યા છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે, આ નવી ધરપકડો સાથે પોલીસે અત્યાર સુધીમાં આ કેસમાં 11 લોકોની ધરપકડ કરી છે. ક્રાઇમ બ્રાન્ચે આ પહેલા 19 વર્ષીય આદિત્ય ગાયકી, 20 વર્ષીય સિદ્ધાર્થ યેનપુરે, 18 વર્ષીય સમર્થ પોમાજી, 23 વર્ષીય સ્વપ્નિલ સાકટ અને આસારામ ફાસલેની ધરપકડ કરી હતી, જેમણે કથિત રીતે શૂટરને સ્કૂટર અને અન્ય લોજિસ્ટિક સપોર્ટ તેમજ હથિયારો પૂરા પાડ્યા હતા.

## ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને જેલમાંથી કામચલાઉ મુક્તિ મળી



નવી દિલ્હી, તા. ૧૬ (PTI) : અભિનેતા રાજપાલ યાદવને રાહત આપતા દિલ્હી હાઈકોર્ટે ચેક બાઉન્સના કેસોમાં તેમની સજા ૧૮ માર્ચ સુધી સ્થગિત કરી છે અને તેમને જેલમાંથી મુક્ત કરવાની મંજૂરી આપી છે. જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ એ નોંધ્યા પછી આ આદેશ પસાર કર્યો હતો કે યાદવે ફરિયાદકર્તા મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડના બેંક ખાતામાં ૧.૫ કરોડ જમા કરાવ્યા હતા. ન્યાયાધીશે જણાવ્યું હતું કે, ''અમે તમને સજામાં વચગાળાની રોક લગાવી રહ્યા છીએ. તે સુનાવણીની આગામી તારીખ સુધી રહેશે.'' યાદવે ૧૯ ફેબ્રુઆરીએ તેમના પરિવારમાં લગ્ન હોવાના આધારે તેમની સજા સ્થગિત કરવાની માંગ કરી હતી. કોર્ટે યાદવને તેનો પાસપોર્ટ જમા કરાવવા અને પરવાનગી વગર દેશ છોડીને ન જવાનો નિર્દેશ આપ્યો હતો. વધુમાં, કોર્ટે યાદવને ૧૮ માર્ચના રોજ આગામી સુનાવણીમાં શારીરિક રીતે અથવા વર્ચ્યુઅલ રીતે હાજર રહેવા સૂચના આપી હતી.


**ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ કતારગામના મોજે ગામ વેડના રે.સ.નં. ૭૦/૧+૭૨, ટી.પી.સ્કીમ નંબર ૫૦(કતારગામ), એફ.પી.નં. ૫૧ વાળી જમીન ઉપર આવેલ " લા-મેન્સા મલ્ટીકયુઝીયન રેસ્ટોરન્ટ " તેમજ " એપ્રિકોટ ડોમ " બાબતેની જાહેર ચેતવણી**

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ કતારગામ ના મોજે ગામ વેડ, રે.સર્વે નં.૭૦/૧+૭૨, ટી.પી.સ્કીમ નંબર ૫૦(કતારગામ), એફ.પી.નં. ૫૧ વાળી જમીન ઉપર અમારા અસીલ હરેશભાઈ કરશનભાઈ સોરઠીયા તેમજ સરલાબેન કરશનભાઈ સોરઠીયાનાઓએ રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા તેમજ અંકિતા રવિન્દ્રકુમાર ગોરસીયાની સાથે ભેગા મળી ને રોયલ કેસલ એક ભાગીદારી પેઢીના નામથી ભાગીદારી પેઢી બનાવેલી. રોયલ કેસલ એક ભાગીદારી પેઢીમાં અમારા અસીલોનો એક ભાગીદારો તરીકેનો ૫૦% નો હિસ્સો ચાલી આવેલ છે. રોયલ કેસલ એક ભાગીદારી પેઢી દ્વારા ઉપરોક્ત જણાવેલ જગ્યામાં "લા-મેન્સા મલ્ટીક્યુઝીયન રેસ્ટોરન્ટ" તેમજ "એપ્રિકોટ ડોમ" ના નામથી સ્ટ્રક્ચર સને-૨૦૨૦ને ત્યારબાદ ના અરસામાં ઉભુ કરેલ હતુ તે સ્ટ્રક્ચર બનાવવાનો તમામ ખર્ચ અમારા અસીલ હરેશભાઈ કરશનભાઈ સોરઠીયા તેમજ સરલાબેન કરશનભાઈ સોરઠીયાનાઓએ કરેલ હતો. રોયલ કેસલ એક ભાગીદારી પેઢીના અન્ય ભાગીદાર રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા તેમજ અંકિતા રવિન્દ્રકુમાર ગોરસીયાનાઓ માત્ર ને માત્ર વર્કિંગ પાર્ટનર હતા તેઓએ કોઈ પણ પ્રકારનું રોકાણ કરેલ નહીં, વધુમાં રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા લા-મેન્સા મલ્ટીક્યુઝીયન રેસ્ટોરન્ટ સંભાળતા હતા જેથી સરળતા ખાતર માત્ર ને માત્ર લા-મેન્સા મલ્ટીક્યુઝીયન રેસ્ટોરન્ટ નો જી.એસ.ટી. નંબર રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા ના નામે લેવામાં આવેલ હતો.

વધુમાં છેલ્લા ઘણા સમયથી રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા અમારા અસીલને રેસ્ટોરન્ટ નો હિસાબ આપતા ન હતા જેથી અમારા અસીલે રવિન્દ્રકુમાર ગોરસીયા કને હિસાબ માંગતા તેઓ ગલ્લા તલ્લા કરતા ચાલી આવેલા અને અમારા અસીલ ને હિસાબ આપતા ન હતા અને તેઓનો બદઈરાદો પાર પાડવા સારું રવિન્દ્રકુમાર ગોરસીયાએ લા-મેન્સા રેસ્ટોરન્ટ બંધ કરી દઈ ને નીકળી ગયેલ હોય જેથી અમારા અસીલે તેઓનું રોકાણ સેફ કરવા સદરહું રેસ્ટોરન્ટ અને એપ્રિકોટ ડોમ નો કબજો અમારા અસીલે મેળવી લીધેલ અને હાલમાં સદરહું જગ્યા ઉપર આવેલ સ્ટ્રકચરનો કબજો અમારા અસીલનો ચાલી આવેલ છે.

ઉપરોક્ત શીડયુલમાં જણાવેલ મીલકતના માલિક મર્હુમ જશવંતભાઈ પટેલ અને રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયાનાઓએ સદરહું જગ્યા ૧૦ વર્ષના વપરાશ અંગેનું એમ સમજૂતી કરાર સને-૨૦૨૦ માં કરી આપેલ હતો ત્યારબાદ જશવંતભાઈ પટેલનું અવસાન થયા બાદ સદરહું કરાર રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયાએ સને-૨૦૨૨ માં જમીન માલિકના ખોટા અને બોગસ સહિ-સિકકા કરીને બી-ફોર મી અંગેના સિકકા કરાવીને અમારા અસીલ ને આપેલ હતો જે અંગેની અમો અસીલ ને જાણ થતા અમારા અસીલે રવિન્દ્રકુમાર ગોરસીયા તેમજ તેમના મળતીયાનાઓની વિરૂધ્ધ મહે. સુરતના પોલીસ કમીશ્નર સાહેબશ્રીની કચેરીમાં છેતરપીડી, વિશ્વાસઘાત અને ફોર્જરી કરવા બાબતની ફોજદારી ફરીયાદ અરજી કરેલ છે જે હાલ તપાસ હેઠળ પેન્ડીગ છે.

વધુમાં સદરહું જગ્યા ઉપર આવેલ સ્ટ્રકચર જમીન માલિક કે તેમના મળતીયા કે રવિન્દ્ર ગોરસીયા તોડી પાડે નહી કે તેમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે નહી તેમજ સદરહું જગ્યાનો લીવ એન્ડ લાયસન્સનો કરાર અમારા અસીલને કરી આપે તે અંગે અમારા અસલે મહે. સુરતના પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જડજ સાહેબશ્રીની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં. ૨૯૩/૨૦૨૫ થી દાખલ કરેલ છે જે હાલ મનાઈ અરજીની સુનવણી હેઠળ પેન્ડીગ છે.

હાલમાં અમારા અસીલને જાણવા મળેલ છે કે, રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા અને કેવલ ભરતભાઈ પટેલનાઓએ એકબીજા ના મેળાપીપણામાં અમારા અસીલે કરેલ રોકાણ ઝીરો કરવાના બદઈરાદે સદરહું જગ્યાના માલિક મર્હુમ જશવંતભાઈ પટેલ અને રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા વચ્ચે થયેલ સમજૂતી કરાર હાલમાં રદ કરી દીધેલ છે અને સદરહું જગ્યા ઉપર આવેલ સ્ટ્રકચર રવિન્દ્ર ગોરસીયા માર્કેટમાં ત્રાહિત ઈસ્મોને વેચાણ કરવા માટે ફરી રહયા છે.

જેથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોક્ત જણાવેલ જગ્યા ઉપર આવેલ **"લા-મેન્સા મલ્ટીકયુઝીયન રેસ્ટોરન્ટ"** તેમજ **"એપ્રિકોટ ડોમ"** રોયલ કેસલ એક ભાગીદારી પેઢીની માલિકીનું છે અને તેના ભાગીદાર તરીકે અમારા અસીલો ચાલી આવેલા છે જેથી અમારા અસીલ ની જાણ અને સંમતી વિના કોઈ પણ શખ્સ, ઈસ્મ કે વ્યકિતએ સદરહું **"લા-મેન્સા મલ્ટીકયુઝીયન રેસ્ટોરન્ટ"** તેમજ **"એપ્રિકોટ ડોમ"** માં ગેરકાયદેસર રીતે અપ-પ્રવેશ કરવો નહી કે સદરહું **"લા-મેન્સા મલ્ટીકયુઝીયન રેસ્ટોરન્ટ"** તેમજ **"એપ્રિકોટ ડોમ"** બાબતે કોઈ પણ નાણાકીય વ્યવહાર રવિન્દ્રકુમાર કનુભાઈ ગોરસીયા નાઓ સાથે કરવા નહી. સદરહું જગ્યા બાબતે દિવાની તેમજ ફોજદારી પ્રકરણો ચાલુ છે જેથી કોઈ નિર્દોષ વ્યકિતને નાહકના પ્રકરણોમાં સંડોવાવું ન પડે તેવા શુભ આશયથી પ્રસિધ્ધ કરાવેલ છે.

અમારી મારફત

**દક્ષલ સુરેશ ચૌહાણ**

તે હરેશભાઈ કરશનભાઈ સોરઠીયા તેમજ સરલાબેન કરશનભાઈ સોરઠીયાના એડવોકેટ

ઓફિસ : ૪૦૫, ચોથો માળ, સુંદરમ સ્કવેર, હીલ્સ નર્સરી સ્કુલની બાજુમાં, નાનપુરા, સુરત.

મો. ૭૪૦૫૧ ૪૧૦૪૧